


# ડીસાની શ્રી નવજીવન બી.એડ. કોલેજના તાલીમાર્થીઓની અનોખી પહેલ, હેલ્મેટ પહેરી રસ્તા પર ઉતર્યા

ડીસાની શ્રી નવજીવન બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ લોકોની જિંદગી બચે તેવા ઉમદા હેતુથી 'હેલ્મેટ એક સુરક્ષા કવચ' જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના ૧૧૦ તાલીમાર્થીઓ અને અધ્યાપક હેલ્મેટ પહેરી વિશાળ રેલી યોજી હતી. ભારતમાં છેલ્લા ૧૭ વર્ષમાં ૨૦ લાખ લોકો રોડ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે દર ત્રણ કલાકે ૧૮૫ લોકો મોતને ભેટે છે ત્યારે લોકો મોટર વિહિકલ એક્ટના કાયદા પ્રત્યે જાગૃત બને તેવા ઉમદા હેતુથી નવજીવન એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત શ્રી નવજીવન બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ ડીસા ખાતે એક વિશાળ 'હેલ્મેટ એક સુરક્ષા કવચ' જનજાગૃતિ રેલીનું આયોજન કર્યું હતું. રેલીનું પ્રસ્થાન સેવાભાવી વ્યક્તિ હિતેશભાઈ ઠક્કર, નવજીવન બી.એડ કોલેજના ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, કોલેજના આચાર્ય ટીનાબેન સોની, પ્રોફેસર પ્રફુલભાઈ પટેલ, પ્રોફેસર અમિતકુમાર સોલંકી, પ્રોફેસર નિરવભાઈ પરમાર, પ્રોફેસર જયેશ ઠક્કર, પ્રોફેસર સોનલબેન પ્રજાપતિ તથા સમગ્ર સ્ટાફ જોડાયો હતો. તમામ તાલીમાર્થીઓ હેલ્મેટ પહેરી આ રેલી નવજીવન બી.એડ કોલેજથી ગાયત્રી મંદિર, જલારામ મંદિર રોડ,મામલતદાર કચેરી રોડ, બગીચા સર્કલ, ફુવારા સર્કલ, મેઈન બજાર, જુના બસ સ્ટેન્ડ, સ્પોર્ટ ક્લબથી ગાયત્રી મંદિર થઈ પરત ફરી હતી આ રેલીને જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. 'એક દો તીન ચાર હેલ્મેટ પહેરો વારંવાર, 'કરના હૈ બહુત કામ પર સુરક્ષા પે દો અપના ધ્યાન' વગેરે જેવા સૂત્રોચ્ચાર સાથે રેલી સમગ્ર ડીસા શહેરમાં ફરી જનજાગૃતિનું સુંદર કાર્ય કર્યું હતું. આ બાબતે આચાર્ય ટીનાબેન સોનીએ જણાવ્યું કે લોકોની જીંદગી બચે, લોકો હેલમેટ પહેરે, લોકો સીટ બેલ્ટ બાંધે તે માટે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી બાબતે પ્રોફેસર અમિત કુમાર સોલંકીએ જણાવ્યું કે રોડ અકસ્માતમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે લોકો મોટરસાઈકલ વ્હીકલ એક્ટના કાયદા પ્રત્યે જાગૃત બને તેવા ઉમદા હેતુથી આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. લોકો રેલી જોવા માટે મોટી સંખ્યામાં રોડ ઉપર ઉમટી પડ્યા હતા.

## આરોગ્ય નગરી તરીકે ઓળખાતા અરવલ્લી જિલ્લાનું મોડાસા શહેર ખરેખર દર્દીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત

મોડાસા, તા. ૨૯

મોડાસાના એમ.એલ. કડિયા છેલ્લા કેટલાય સમયથી માયસ્થેનિક ક્રાઈસિસ બિમારીથી પીડાતા હતા, જો કે અમદાવાદ તપાસ કરાવવા છતાં કોઈ જ નિરાકરણ ન આવતા આખરે મોડાસાની એઈમ્સ હોસ્પિટલના ડોક્ટરની ટીમએ રોગ શોધી કાઢતા દર્દીને નવુ જીવન મળ્યું છે. દર્દીને મોડાસાના વિવિધ દવાખાનાઓમાં સારવાર આપવામાં આવી હતી.

જો કે દર્દીને બિમારીથી કોઈ જ ફરક ન પડતા મોડાસાની એઈમ્સ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હતા,, એઈમ્સ હોસ્પિટલની ટીમ દ્વારા વિવિધ રીપોર્ટ કરાવતા માયસ્થેનિક ક્રાઈસિસ રોગ હોવાનું માલૂમ થયું, જે બાદ મોડાસાના ડોક્ટર ટીમની દેખરેખ હેઠળ અમદાવાદના ન્યૂરોફિઝિશિન ડોક્ટરની કંસલ્ટિંગ કરતા દર્દી ગંભીર બિમારીમાંથી બહાર આવ્યા હતા.

આ બિમારી દસ હજાર અથવા તો લાખોમાં એક વ્યક્તિને થતી હોય છે, ત્યારે મોડાસાના ડોક્ટરના અથાગ પ્રયાસથી દર્દી બિમારીમાંથી બહાર આવતા દર્દી તથા તેમના પરિવારનું સન્માન કરાયું હતું.



## ગુજરાત વિદ્યાપીઠની નીકળેલ ગાંધી પદયાત્રા સંપન્ન

ગુજરાત વિદ્યાપીઠના સ્થાપક ગાંધીબાપુની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી દેશ સ્થાપક વિદેશમાં થઈ રહી છે ત્યારે ગુજરાત વિદ્યાપીઠના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ગાંધી પદયાત્રા ગ્રામ્ય જીવન વિશે શાળાઓમાં જઈ વિદ્યાર્થીઓ જોડે નાટ્યરૂપે, સંગીત રૂપે, અભિનય રૂપે બાળકો જોડે વાર્તાલાપ કરી ગાંધીજીના ''મારું જીવન એ જ મારો સંદેશ''ની વિચારો ફેલાવી રહ્યા છે. મોડાસા સરસ્વતી બાલ મંદિર સંચાલિત શ્રી વી.એસ. પ્રા. શાળાના બાળકો. સ્ટાફ. મંડળ વાલી સાથે વિદ્યાપીઠમાંથી આવેલા ડૉ. વેલજીભાઈ ભાટિયા ગાંધી વિચારો સાથે ગ્રામ્ય જીવન અને ગ્રામ્ય જીવન જે તૂટી રહ્યું છે તેને બચાવવા વિશેની વાત બાળકો સાથે કરી મેઘરજ તાલુકાના અંતરિયાળ વિસ્તાર એવા ઝરડાને કર્મભૂમિ બનાવનારા લોકસેવક સુરેશભાઈ પુનાડીયાએ અભિનય ગીત બાળ નૃત્ય બાળકો સાથે પ્રશ્નો જવાબોની આપલે વિવિધ રીતે કરી બાળકોને ગાંધી અને પોતાના વિશે સમજ પડે તે રીતે ગાંધી જીવનની વાત કરી આ કાર્યક્રમમાં શાળાના પ્રમુખ નીલેશભાઈ જોષી, સર્વ શિક્ષા અભિયાનના અમિતભ કવિ, મુકુંદ શાહ, નવનીત પરીખ, વિનોદ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના કેમ્પસ ડાયરેકટર રમણભાઈ પ્રણામી આચાર્ય કિરણાબેન ત્રિવેદી અને શાળા પરિવારે ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓનો આભાર માન્યો હતો.

# ભાજપની લાખણીથી ગેળા હનુમાન મંદિરની પદયાત્રા



ડીસા

પ્રદેશ અને બનાસકાંઠા જિલ્લા ભાજપના આગેવાનો એ ગત લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન પદે નરેન્દ્રભાઈ મોદી ફરી આરૂઢ થાય તે આશયથી માનેલી તાલુકા મથક લાખણીથી ગેળા હનુમાનજી મંદિરની પાંચ કી.મી. ની પદયાત્રા ગઈકાલે શનિવારે પરિપૂર્ણ કરી હતી. જો કે, થરાદ બેઠકની પેટાચૂંટણી ચાલી રહી છે તે દરમિયાન થયેલી આ યાત્રા જિલ્લાભરમાં 'ટોક ઓફ ધી ટાઉન' બની હતી.

સરહદી બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી થરાદ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ઉમેદવારને લઈ જિલ્લાભરમાં રાજકીય ઉત્તેજના સાથે ઉત્સુકતા છવાઈ છે તે માહોલમાં નીકળેલી ભાજપની પદયાત્રા ગત લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જીતને લઈ નીકળી હોવાનો દાવો કરાયો હતો પરંતુ રાજકીય ગલીયારામાં તેને લઈ અવનવી અટકળો અને તર્ક વીતર્કો વહેતા થયા હતા. .જો કે ગેળા હનુમાનજીના ચમત્કારિક મંદિરે માનેલી મનોકામનાઓ પૂર્ણ થતી હોવાનું કહેવાય છે તેથી ભાજપની પાંચ કી. મી.ની આ પદયાત્રા આખો દિવસ ચર્ચાના ચગડોળે ચડવા પામી હતી. તમામ પદયાત્રિકોને ગેળાના ગામલોકોએ ઉષ્માભેર વધાવ્યા હતા ત્યારે હનુમાનજીના જયજયકારથી ગગન ગુંજી ઉઠ્યું હતું.

આ પદયાત્રામાં ભાજપના પ્રદેશ મંત્રી કે.સી. પટેલ, સાંસદ પરબતભાઈ પટેલ, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, પ્રભારી દૂષયન્તભાઈ પંડ્યા, ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને કીર્તિસિંહ વાઘેલા, પ્રદેશ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, એસ.ટી. નિગમના ડિરેકટર દિનેશભાઈ અનાવાડીયા, વેર હાઉસિંગ બોર્ડના ડિરેકટર મગનલાલ માળી, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, લાખણી માર્કેટયાર્ડના ચેરમેન બાબુલાલ પાનકુટા ( દેસાઈ), લાખણી પ્રમુખ હેમરાજભાઈ પટેલ, થરાદ પ્રમુખ રૂપસીભાઈ પટેલ, જિલ્લા મંત્રી ટી.પી.રાજપૂત વગેરે જોડાયા હતા.

## અરવલ્લી ડીડીઓ ડૉ. અનિલ ધામેલીયાની માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોની આકસ્મિક મુલાકાત

અરવલ્લી જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વિકાસના કામોમાં પોલંપોલ ચાલતી હોય છે. અરવલ્લી જીલ્લામાં અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો વિકાસથી જોજનો દૂર છે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો માટે ફાળવવામાં આવતી વિવિધ ગ્રાંટોમાંથી સરપંચ, તલાટીથી લઈ સ્થાનિક નેતાઓ અને તાલુકા-જીલ્લાકક્ષાએ ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ કોન્ટ્રાકટર સાથે મીલીભગત કરી ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની બૂમો સતત ઉઠી રહી છે. કેટલાક



ગ્રામ્ય વિસ્તારોમાં અધિકારીઓ ખુદ કોન્ટ્રાકટર બની બેઠા છે.

અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા વરસતા વરસાદમાં માલપુર તાલુકાના વાવડી અને માલજીના પહાડીયા ગામે છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાનમાં પંચાયતમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી થયેલા જાહેર વિકાસના કામોની ફાઈલો અગાઉથી મંગાવી લઈને ઓચિંતી મુલાકાત લીધી હતી. વિકાસની ગ્રાન્ટમાંથી બનેલ આંગણવાડી, આરસીસી રોડ, હવાડા, બોર-મોટર, પ્રાથમિક શાળાના ઓરડા સહીત વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. હાલમાં ચાલી રહેલા વિકાસના કામોની ગુણવત્તા ચકાસણી કરી અગાઉના ત્રણ વર્ષોમાં થયેલા વિકાસ કામોની તપાસ હાથ ધરી હતી. ભ્રષ્ટાચાર વિના કામો થાય તે માટે કોઈપણ પ્રકારની જાણકારી આપ્યા વિના ગામડામાં મુલાકાતે જતા ગ્રામીણ જનતામાં આનંદ છવાયો હતો.



## ડીસાના સેવાભાવી દ્વારા મૃતાત્માઓનું પણ શ્રાદ્ધ : બિનવારસી મૃતકોને અનોખા શ્રદ્ધાસુમન

સરહદી બનાસકાંઠાના તાલુકા મથક ડીસામાં બિનવારસી અનેક લાશોની અંતિમ ક્રિયા સેવાભાવિ મનુભાઈ આસનાની દ્વારા કરવામાં આવે છે. ડીસામાં છેલ્લા ૧૯ વરસથી માનવતાના આ સેવાયજ્ઞનું કામ કરતા મનુભાઈ અકસ્માત કે આપઘાત જેવી કોઈપણ ઘટના બાદ અકસ્માતમાં મોતને ભેટેલ વ્યક્તિઓની લાશને મૃતકના પરિવારજનો સુધી પહોંચાડવા નું તેમજ જેનો કોઈ વાલી વારસ ન હોય તેવી લાશોના અંતિમ સંસ્કાર પણ કરવાનું સત કાર્ય કરે છે નિસ્વાર્થ ભાવે સેવા કરતા મનુંભાઈ દિવસ રાત જોયા વગર પોતાના નિત્ય કાર્યમાં મશગુલ રહે છે તાજેતરમાં જ મુખ્યમત્રી દ્વારા સન્માનિત થયેલ મનુભાઈ દ્વારા આવા અકાળે મોત્ ને ભેટેલ બિનવારસી આત્માઓની સદગતી માટે ભાદરવા માસના અમાવસના દિવસે શ્રાદ્ધકર્મ પણ કરે છે પોતાના નિવાસ સ્થાને ડીસા શહેર ની વિવિધ શાળામાં અભ્યાસ કરતા ૧૦૦૦ જેટલા બાળકો ને દૂધપાક પુરીનું ભોજન આપવાનું સરાહનીય કાર્ય કરે છે માનવતાના આ પૂજારીને સલામ.



## વડગામના વિદ્યાર્થીઓએ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધો

વડગામમાં આવેલી ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ તેમજ કેસરબા જાડેજા સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાભર ખાતે જીલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓમાં બેલાણી પલકબેન, નાઈ ધરતીબેન, સોલંકી વિનયકુમાર, રાવળ ભાવિનભાઈ સહીતના વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકોમાં કોરોટ હર્ષાબેન હરિભાઈ અને વાગડોદ હર્ષાબેન પાસેથી વિદ્યાર્થીઓને ખૂબ સારૂ માર્ગદર્શન મળ્યું હતું. ગેલેક્સી અને જાડેજા સ્કૂલના પ્રદર્શનને લોકોએ બિરદાવ્યું હતું. વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્કૂલના આચાર્ય કાનજીભાઈ ચૌધરી દ્વારા બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શ્રાધ્ધ પર્વ-અમાવસ્યા પર પિતૃ તર્પણનો મોડાસામાં ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે સામૂહિક કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૯

રાષ્ટ્રના શહિદો-સૈનિકો,મહાપુરુષો, સંતો, પ્રાકૃતિક હોનારતોના મૃતાત્માઓને પણ મોડાસા ગાયત્રી પરિવાર દ્વારા અપાઈ સામૂહિક શ્રદ્ધાંજલિ શ્રાધ્ધ પક્ષ અમાવસ્યા પર ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા ખાતે પિતૃ તર્પણ માટેનો સામૂહિક કાર્યક્રમ યોજાયો. જેમાં અનેક ભાઈ બહેનો શ્રદ્ધા પૂર્વક જોડાયા.

ગાયત્રી પરિવારના કાર્યકર્તા કિરીટભાઈ સોનીએ આ પ્રસંગે ઉપસ્થિત સૌને આત્માને તર્પણ વિશે મહત્વ સમજાવતા કહ્યું મૃત્યુ પછી શરીરની સાથે સાથે આત્મા સમાપ્ત થતી નથી. આત્માનું પોતાનું અસ્તિત્વ બની રહેતું હોય છે. આત્મા અજર, અમર, સત્ય અને શાસ્વત છે. જેમ જુના વસ્ત્રો ત્યાગ કરીને મનુષ્ય નવા વસ્ત્રો ધારણ કરે છે. તેવી રીતે આત્મા પણ જીર્ણ શરીર ત્યાગ કરીને નવું શરીર ધારણ કરે છે. તેમણે કહ્યું કે જ્યારે જીવાત્મા એક જન્મ પુરો કરીને પોતાના બીજા જીવનમાં પ્રસ્થાન કરે છે, ત્યારે જીવાત્માની એ સ્થિતિને પણ એક વિશેષ સંસ્કારના માધ્યમથી શાંતિ તેમજ ઉચ્ચ ગતિ તરફ પ્રેરિત કરી શકાય છે. જેને મરણોત્તર સંસ્કાર યા શ્રાદ્ધ કર્મ કહેવાય છે. આ સંસ્કાર આત્મા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. કારણ કે આ પછી જીવાત્મા માટે કોઈ સંસ્કાર સંપન્ન કરવામાં આવતા નથી.



ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે આજ શ્રાદ્ધ પક્ષ અમાવસ્યા પર યોજાયેલ નિઃ શુલ્ક સામૂહિક તર્પણ કાર્યક્રમમાં અનેક શ્રદ્ધાવાન ભાઈ બહેનો જોડાઈ સૌએ પોતાના દિવંગત સ્વજનો- પિતૃઓ ,મહાપુરુષો, સંતો, શહીદ સૈનિકો, રાષ્ટ્ર સેવકો, ભારતીય સંસ્કૃતિ માટે સમર્પિત દિવંગત આત્માઓ, સાથે સાથે ભૂતકાળમાં અજ્ઞાનવશ થયેલ કન્યા ભ્રૂણ હત્યા પામેલ શીશુ આત્માઓ અને કુદરતી હોનારતોમાં હોમાયેલા મૃતાત્માઓને વૈદિક કર્મકાંડની સાથે શ્રધ્ધાંજલી આપવામાં આવી.

આ આયોજનમાં વિશેષમાં હરેશભાઈ કંસારા, મુકેશભાઈ સુરાની, પુંજાભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, ભરતભાઈ ભટ્ટ, દિનેશભાઈ ભાવસાર, કેશુભાઈ શર્મા સહિત અનેક શ્રદ્ધાવાન ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાયત્રી પરિવારના મુખ્ય કેન્દ્ર શાંતિકુંજ, હરિદ્વાર ખાતે પણ આ શ્રાદ્ધ પક્ષમાં દરરોજ ચાલતાં શ્રાદ્ધ-તર્પણ કાર્યક્રમમાં સ્વયંસેવકો તેમજ અનેક રાજ્યોમાંથી આવેલા હજારોની સંખ્યામાં શ્રદ્ધાવાન લોકોએ તર્પણ કાર્યક્રમમાં જોડાઈ શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી.

## ધનસુરા નવોદયવ વિદ્યાલય ધ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો

ધનસુરા નવોદયવ વિદ્યાલય ધ્વારા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત એનસીસીના વિદ્યાર્થીઓએ શક્તિનગર સ્વચ્છતા જાગૃતિ રેલી યોજી હતી. સાથે શક્તિનગર ખાતે સફાઈ પણ કરી હતી અને લોકોને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માહિતી આપી હતી. સાથે ધનસુરા બસ સ્ટેન્ડ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણ



સફાઈ કરવામાં આવી હતી. ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય કમલાકર ધોપ્ટે, એએનઓ પૃથ્વીરાજ મીના, પારુલ નાયક, રવિન્દ્ર ચૌધરી, નૈતિક ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ મોડાસાના હોદ્દેદારો નિમાયા

શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા મિત્ર મંડળ, મોડાસાની વાર્ષિક જનરલ સભા પ્રમુખ કામેશભાઈ બી. શાહના નેજા હેઠળ મળી હતી.જેમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ ડૉ. રાકેશભાઈ સી. મહેતા, મહામંત્રી મુકુન્દકુમાર એસ. શાહ, ઉપપ્રમુખ નિખીલભાઈ એસ. શાહ, કન્વિનર દિનેશભાઈ જે. મહેતા, સુરેન્દ્રભાઈ જે. શાહ, સંદીપભાઈ કે. શાહ, સહકન્વીનર મીનેશકુમાર એમ. શાહ, કિરીટભાઈ એન. શાહ, માનદમંત્રી મનીષ જે.ઠેકડી, જતીન એમ. શાહ, મનોજ વાય. શાહ, મુકુન્દ ઓ. શાહ, ખજાનચી કલ્પેશ પી. શાહ નીમાયા હતા.

# અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર બન્યા શિક્ષક

### નવા ગામ પ્રાથમિક શાળામાં બાળકોને દાખલા ગણાવ્યા

રાજ્યમાં કલેકટરની બદલી થયા બાદ અરવલ્લી જિલ્લામાં નવનિયુક્ત કલેકટર અમુક



ઔરંગાબાદકર વિવિધ પ્રજાલક્ષી કામગીરી કરી રહ્યા છે. જિલ્લા કલેક્ટર મોટા ભાગનો સમય કલેક્ટર કચેરી વિતાવી લોકોના પડતર પ્રશ્નો અને સમસ્યાઓને દૂર કરી રહ્યા છે. વહીવટીતંત્રની રાત્રી મુકામ કાર્યક્રમ થકી લોકોને ઘેર બેઠા જ વિવિધ પ્રશ્નોનું નિરાકરણ થઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર મેઘરજના નવાગામ ગ્રામ પંચાયતની દફ્તર તપાસણી માટે ઓચિંતી મુલાકાતે ગયા હતા, તે સમય દરમિયાન તેઓ નવાગામ ખાતેની પ્રાથમિક શાળાની મુલાકાતે પહોંચ્યા હતા. આ સમય દરમિયાન શાળાના બાળકોને વિવિધ શૈક્ષણિક પ્રશ્નો પૂછી મુલ્યાંકન કર્યું હતું. શાળાની મુલાકાત સમયે કલેક્ટર શિક્ષક બનીને બાળકોને ગણિતના દાખલા ગણાવ્યા હતાં. આ સાથે જ તેઓ આંગણવાડી બાલ મંદિરના બાળકો સાથે મુલાકાત કરી હતી જ્યાં પ્રાથમિક શાળામાં વ્યવસ્થા, સ્વચ્છતા નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓની મુલાકાત કરી બાળકોને માર્ગદર્શન દર્શન પુરૂ પાડ્યું હતું.